# કઠલાલનગરપાલિકા તા.કઠલાલજી.ખેડા

## સફાઈ કામદાર ભરતી અંગેની જાહેરાત

કઠલાલ નગરપાલિકામાં નીચે મુજબની જગ્યાઓ સરકારશ્રીના પ્રર્વતમાન ધારાધોરણ મુજબ કમિશ્નર શ્રી,મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૭/૦૬/૨૦૧૮ના હુકમ ક્રમાંક નં/કમિ.મ્યુનિ.એડી/મહેકમ–૧/કઠલાલ/ક્ર.નં ૧૪૫૧/વશી ૧૩૦૫ –૧૨૬૭/૨૦૧૮/૭૧૭૧ અન્વયે મંજુરી થયેલ સફાઈ કામદારના મહેકમ પૈકીની ૫૦ % મુજબની ભરતી નીચેની શરતોને આધિન સીધી ભરતીથી ભરવા માટે જરૂરી લાયકાત તથા અનુભવ તથા શારીરીક ક્ષમતા ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૦૩/૦૪/૨૦૨૧ સુધીમાં કઠલાલ નગરપાલિકામાં મળી જાય તેવી રીતે સીલબંધ કરવામાં રજીસ્ટરએડી,રૂબરૂ,સાદી ટપાલ કે કુરીયર થી અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી મુજબની જગ્યાની સંખ્યા | | | | | | કુલ જગ્યાઓ પૈકી મહીલા અનામત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત | શા.ખો.ખા | આ.ન.વર્ગ | સા.શૈ.પછાત | અ.જા | અ.જ.જાતિ | |
| સફાઈ કામદાર (સ્વીપર) | ૧૩ | ૮ | ૦ | ૧ | ૩ | ૦ | ૧ | ૪ |

શરતો :–(૧) શૈક્ષણિક લાયકાતઃ–લખી વાંચી શકે તેવા ઉમેદવાર.(૨) ઉપલી વય મર્યાદા–૩૩ વર્ષ સા.શૈ.પ.વ,અ.જા,અ.જ.જાના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૫ વર્ષની છુટછાટ રહેશે તેમજ સામાન્ય વર્ગ ની મહિલા ઉમેદવારોને ૫ વર્ષ અને અનામત વર્ગની મહીલા ઉમેદવારોને ૧૦ વર્ષની છુટછાટ રહેશે.પરંતુ તમામ પ્રકારની છુટછાટની ગણતરી કરતાં ઉમર ૪૦ વર્ષથી વધારે હોવી જોઈએ નહી.ઉપલી વય મર્યાદાની ગણતરી માટે ૦૩/૦૪/૨૦૨૧ ધ્યાને લેવાની રહેશે.આ કચેરી ખાતે હાલમાં નગરપાલિકામાં કામ કરતાં ઉમેદવારોને ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહી.(૩) વિકલાંગ અનામત માટેની વિકલાંગતાઓ VH,HH અને OH રહેશે. (૪) પ્રથમ ૫ (પાંચ વર્ષ) સુધી સરકારશ્રીના નિયમોનુસાર ફીકસ વેતન ચુકવવામાં આવશે.ત્યાર બાદ સંતોષકારક સેવા જણાયેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર નિયમીત પગાર ધોરણમાં સમાવેશ કરવામાં આવશે. (૫) રૂબરૂ મુલાકાત આધારે પસંદગી કરવામાં આવશે. (૬) અરજી ફોર્મ કઠલાલ નગરપાલિકાની વેબસાઈટ www.kathlalnagarpalika.org પર થી ડાઉનલોડ કરી શકાશે અને કઠલાલનગરપાલિકા કચેરીએથી વિના મૂલ્યે મેળવી શકાશે.(૭) ભરેલ અરજી ફોર્મ મોકલવાનું સરનામું :– ચીફઓફીસરશ્રી, કઠલાલ નગરપાલિકા તા. કઠલાલ જી. ખેડા પીન : ૩૮૭૬૩૦ ના સરનામે તા.૦૩/૦૪/૨૦૨૧ સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળી રહે તે રીતે રજીસ્ટરએડી,રૂબરૂ,સાદી ટપાલ કે કુરીયરથી મોકલવાનું રહેશે અને અરજીના કવર પર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે અન્યથા તે અરજી માન્ય ગણાશે નહી(૮) અરજી પત્રકની ચકાસણી પછી યોગ્યતા ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે અલગથી જાણ કરવામાં આવશે.(૯) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાને સંપૂર્ણ અબાધિત હકક/અધિકાર રહેશે.


નિલમ.ડી.રોય
ચીફ ઓફિસર
કઠલાલ નગરપાલિકા

રમીલાબેન.ટી.ચૌરી
પ્રમુખ
કઠલાલ નગરપાલિકા


Scanned by CamScanner